આરટીઆઈના દુરુપયોગ પર નિયંત્રણ જરૂરી : સિંહ

નવી દિલ્હી, તા. ૧૨

કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુપીએ સરકારની અતિ મહત્વાકાંક્ષી રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ (આરટીઆઈ) ના દુરુપયોગ પર નિયંત્રણ જરૂરી હોવાનું વડાપ્રધાન ડો. મનમોહનસિંઘે આજે કહ્યું હતું. આરટીઆઈ કાયદાના અર્થહીન અને હેરાન-પરેશાન કરવાના ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરતાં વડાપ્રધાન મનમોહનસિંઘે કહ્યું હતું કે, આરટીઆઈ અધિકારથી જો કોઈની ગુપ્તતા અને અંગત બાબતોનું હનન થતું હોય તો નિશ્ચિત રૂપથી તેની મર્યાદા નિર્ધારીત કરવી જરૂરી છે. તેમણે આરટીઆઈ અને અંગત અધિકાર વચ્ચે યોગ્ય સંતુલન જાળવી રાખવાની આવશ્યકતા પર ભાર મૂકતા કહ્યું હતું કે, બંધારણમાં દરેક નાગરિકને સ્વતંત્ર જીવન જીવવાનો અધિકાર અપાયેલો છે તેમાં ગુપ્તતાનો પણ અધિકાર આપોઆપ મળે છે ત્યારે કોઈનું અંગત જીવન કે ખાનગી જીવન ખોરવાઈ નહીં તે પણ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, આરટીઆઈ હેઠળ મર્યાદા નિશ્ચિત કરવી જરૂરી છે. પરંતુ જટિલ પ્રશ્ન એ છે કે તેની મર્યાદાની રેખા ક્યાં સુધી લંબાવવી. કેન્દ્રીય માહિતી અધિકારીઓના સાતમા સંમેલનને સંબોધન કરતા વડાપ્રધાન ડો. મનમોહનસિંઘે કહ્યું હતું કે, આરટીઆઈનું નિરર્થક અને દુરુપયોગ કરવાવાળી બાબત ચિંતાજનક છે.

તેમના ખુલાસાથી લોકહિતની પુષ્ટિ થતી નથી. આવા પ્રકારના દુરુપયોગથી માનવસંસાધનની પણ ક્ષતિ થાય છે. કારણ કે તેનો શ્રેષ્ઠ ઉપયોગ દેશ હિતના અન્ય કોઈ જગ્યાએ થઈ શકે છે.

વડાપ્રધાન મનમોહનસિંઘે ભારપૂર્વક કહ્યું હતું કે, કોઈક કોઈકવાર એવી સૂચનાઓ અને ખુલાસાઓ માંગવામાં આવે છે જે માત્ર સમયનો વ્યય કરનાર જ હોય છે. એવી ઘણી બાબતોના ખુલાસા મંગાય છે જેનો એક માત્ર ઉદ્દેશ ગેરરીતિઓ અને ભૂલ શોધવાનો જ હોય છે. આવી બાબતોની ટીકા કરવી જરૂરી છે. લોકજનહિત ભાગીદારી પર વડાપ્રધાન મનમોહનસિંઘે કહ્યું હતું કે, આવા એકમોને સંપૂર્ણ રીતે આરટીઆઈ હેઠળ લાવવા જરૂરી છે. જેથી ખાનગી ઉદ્યોગપતિઓ આ બધી બાબતોથી બચશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આરટીઆઈ હેઠળ લોકોની ગુપ્ત બાબતો અને ખાનગી બાબતોનો ભંગ થવો ન જોઈએ.

ઇન્ફોસીસ ટૂંકમાં મોટા ફેરફાર કરવા તૈયાર છે

બેંગ્લોર, તા.૧૨

ભારતની બીજી સૌથી મોટી સોફ્ટવેર સર્વિસ કંપની ઈન્ફોસીસ લિમિટેડમાં હવે કેટલાક ફેરફાર કરવામાં આવનાર છે. યુરોપીયન કંપનીઓ હાલમાં દબાણ હેઠળ આવી ગઈ છે. ટેકનોલોજીને લઈને સ્પર્ધા ચાલી રહી છે. ઈન્ફોસીસના ક્લાયન્ટોમાં બેંક ઓફ અમેરિકા, વોસ વેગન, ગ્લેક્સો સ્મિથ લાઈનનો સમાવેશ થાય છે. કંપનીનું કહેવું છે કે રેવેન્યુ ગ્રોથ આ વર્ષ માટે ઓછામાં ઓછો પાંચ ટકા જાળવી રાખવામાં આવશે. ઈન્ફોસીસ મેનેજમેન્ટમાં કેટલાક ફેરફાર કરવાની યોજના ધરાવે છે. તેના મુખ્ય ફાઈનાન્શિયલ વી. બાલાકૃષ્ણ ૩૧મી ઓક્ટોબરના દિવસે હોદ્દા પરથી રાજીનામું આપશે. તેમની જગ્યા ઉપપ્રમુખ ફાઈનાન્સ રાજીવ બંસલ રહેશે. જો કે બાલાકૃષ્ણ કંપનીના બોર્ડમાં સ્થાન જાળવી રાખશે. ઈન્ફોસીસ એક મહાકાય કંપની છે. ઘણી કંપનીઓ તેની સાથે સીધી રીતે સંકળાયેલી છે. નિષ્ણાંતોની આગાહી છે કે ૨૬ અબજ ડૉલરની માર્કેટ હિસ્સેદારી ધરાવનાર ઈન્ફોસીસ માર્ચના અંત સુધીમાં ૨૬ ટકાની આસપાસનો રેવેન્યુ ગ્રોથ મેળવી લેશે.

મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં નિરાશાજનક દેખાવના પરિણામ સ્વરૂપે ઓગસ્ટ મહિનામાં ઓદ્યોગિક વિકાસદર ઘટીને ૨.૭ ટકા

નવી દિલ્હી, તા. ૧૨

મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં નિરાશાજનક દેખાવના પરિણામ સ્વરૂપે ઓગસ્ટ મહિનામાં ઓદ્યોગિક વિકાસદર ૨.૭ ટકા થઈ ગયો છે. આ મહિનામાં જ મોડેથી જારી કરવામાં આવનાર બીજી ત્રિમાસિક સમીક્ષામાં રિઝર્વ બેંકને આ સ્થિતિના કારણે તેના વ્યાજદરમાં ઘટાડો કરવાની ફરજ પડી શકે છે. ઓદ્યોગિક વિકાસમાં તેજી લાવવા માટે આરબીઆઈને પગલાં લેવાની જરૂર પડશે. ગયા વર્ષે આ જ ગાળામાં ૨.૧ ટકાના ગ્રોથ રેટની સામે ઓગસ્ટ મહિનામાં કન્ઝ્યુમર ચીજવસ્તુ પ્રોડકશનનો આંકડો ૫ ટકાની આસપાસ રહ્યો છે. આ મહેસૂલી વર્ષમાં એપ્રિલ-ઓગસ્ટના ગાળામાં ઓદ્યોગિક ઉત્પાદન ૦.૪ ટકા થયો છે. એકંદરે ફેક્ટરી ઉત્પાદનમાં વિકાસદર ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં ૩.૪ ટકા હતો જેની સામે હવે ૨.૭ ટકા છે. મેન્યુફેક્ટરીંગ સેક્ટરમાં ઈન્ડેક્સની ૭૫ ટકા ચીજો સામેલ છે. તેમાં ધીમી ગતિએ વિકાસદર નોંધાયો છે. મેન્યુફેક્ટરીંગ સેક્ટરમાં ઓગસ્ટ મહિનામાં ૨.૯ ટકાનો દર નોંધાયો છે જે ગયા વર્ષે આ જ મહિનામાં ૩.૯ ટકા હતો. એપ્રિલ-ઓગસ્ટમાં મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં ઉત્પાદન વૃદ્ધિ ફ્લેટ હતી. આવી જ રીતે કેપિટલ ગુડ્સમાં ઉત્પાદન ઓગસ્ટ ૨૦૧૧માં ચાર ટકાની સામે ઓગસ્ટમાં ૧.૭ ટકા થયો છે.

કેપિટલ ગુડ્સના ઉત્પાદન એપ્રિલ-ઓગસ્ટના ગાળામાં ૨૦૧૧-૧૨માં ૭.૩ ટકાની સરખામણીમાં ૧૩.૮ ટકા રહ્યો છે. ઓગસ્ટ મહિનામાં માઈનીંગ ઉત્પાદન ગયા વર્ષે આ જ મહિનામાં ૫.૫ ટકાની સરખામણીમાં ૨ ટકા સુધી વધ્યો છે. એપ્રિલ-ઓગસ્ટમાં આ સેક્ટરના ઉત્પાદનમાં ૦.૬ ટકાનો ઘટાડો નોંધાયો છે.

આજથી ચેમ્પિયન લીગની રોમાંચક શરૂઆત

સેન્ચુરિયન,તા.૧૨

આઈસીસી ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપની પૂર્ણાહૂતિ થયા બાદ હવે આવતીકાલથી ચેમ્પિયન લીગની રોમાંચક શરૂઆત થવા જઈ રહી છે. આ ચેમ્પિયન્સ લીગમાં જુદા જુદા દેશોની અનેક ટોચની ટીમો ભાગ લઈ રહી છે. ભારત તરફથી પણ ચેમ્પિયન લીગમાં કોલકાતા નાઈટ રાઈડર્સ, ચેન્નાઈ સુપર કિંગ, દિલ્હી ડેડેવિલ્સ અનેમુંબઈની ટીમો ભાગ લઈ રહી છે.

તમામ સ્ટાર ખેલાડીઓ ચેમ્પિયન લીગમાં ભાગ લઈ રહ્યા છે જેમાં આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ સામેલ છે. ચેમ્પિયન્સ લીગની શરૂઆત પહેલા ચાહકો માટે સારા સમાચાર એ છે કે આવતીકાલે પ્રથમ મેચ સેન્ચુરિયન ખાતે કોલકાતા અને દિલ્હી વચ્ચે રમાનાર છે જેનું ભારતીય સમય મુજબ રાત્રે નવ વાગ્યાથી પ્રસારણ કરવામાં આવનાર છે. ડેડેવિલ્સ માટે રમવા માટે વિરેન્દ્ર સહેવાગ સંપૂર્ણપણે તૈયાર થઈ ચૂક્યો છે. સહેવાગ ઈજામાંથી રિકવર થઈ ચૂક્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે સિડની સિક્સર્સ સામે વોર્મઅપ મેચમાં પણ વિરેન્દ્ર સહેવાગ રમ્યો હતો. ડેડેવિલ્સ ટીમના અધિકારી ટી એ શેખરે કહ્યું છે કે સહેવાગ ફિટ છે અને દક્ષિણ આફ્રિકા પહેલા ફિટનેશનું પ્રમાણપત્ર મેળવી ચૂક્યો છે. શરૂઆતમાં તેના ઉપર શંકા હતી પરંતુ હવે તે સંપૂર્ણપણે સ્વસ્થ છે. અલબત્ત ચેમ્પિયન લીગમાં વિરેન્દ્ર સહેવાગ દિલ્હી ડેડેવિલ્સના કેપ્ટન તરીકે મેદાનમાં ઉતરી રહ્યો નથી. ટીમને કેપ્ટન તરીકેની જવાબદારીમાંથી મુક્ત રાખવા સહેવાગ પહેલાથી જ કહી ચૂક્યો છે. અન્ય જે ટીમો ભાગ લઈ રહી છે તેમાં ચેન્નાઈ, કોલકાતા, મુંબઈની ટીમોનો સમાવેશ થાય છે. આવતીકાલથી આની શરૂઆત થયા બાદ ૨૩મી ઓક્ટોબર સુધી મેચોનો દોર ચાલશે. ત્યારબાદ ૨૫મી ઓક્ટોબરના દિવસે ડર્બનમાં પ્રથમ સેમીફાઈનલ રમાશે. ત્યારબાદ ૨૬મી ઓક્ટોબરના દિવસે બીજી સેમીફાઈનલ સેન્ચુરિયન ખાતે રમાશે. ફાઈનલ મેચ જોહાનિસબર્ગમાં ૨૮મી ઓક્ટોબરના દિવસે રમાશે. તમામ મેચોનું પ્રસારણ ૫ વાગે અને રાત્રે ૯ વાગે થશે. કુલ ૨૩ મેચો ચેમ્પિયનલીગ દરમિયાન રમાશે.

ભારત અને ચીનમાં મંદીથી વિકાસની ગતિ ઘટી ગઇ છે

વોશિંગ્ટન,તા. ૧૨

આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઈએમએફ) દ્વારા આજે જણાવવામાં આવ્યું હતું કે એશિયામા વિકાસની ગતિ ધીમી પડી છે. વિકાસ માટેના એન્જિન ગણાતા ભારત અને ચીનમાં મંદી અને વિકસિત અર્થતંત્રમાં સુધારની ધીમી ગતિના લીધે વિકાસની ગતિ ધીમી પડી ગઈ છે. આઈએમએફે કહ્યું છે કે એશિયામાં વર્ષ ૨૦૦૮ના વૈશ્વિક નાણાંકીય સંકટ બાદથી જીડીપી વિકાસનો દર તેના સૌથી નીચી સપાટીએ પહોંચ્યો છે. વર્ષ ૨૦૧૨ના પ્રથમ છ મહિનામાં આશરે ૫.૫૦ ટકાનો દર રહ્યો છે. જો કે આ દર હજુ વૈશ્વિક સરેરાશ કરતા વધારે છે. જાપાનના પાટનગર ટોકિયોમાં વિશ્વ બેંક અને આઈએમએફની વાર્ષિક બેઠક દરમિયાન જારી એશિયા અને પ્રશાંત ક્ષેત્રના ઓક્ટોબરના અપડેટમાં જણાવવામાં આવ્યું છે કે બહારી પ્રતિકુળ પવનોના કારણે માઠી અસર થઈ છે. કારણ કે વિકસિત અર્થતંત્રોમાં સુધારની ગતિ ધીમી પડી ગઈ છે. આઈએમએફે કહ્યું છે કે ભારત અને ચીન જેવા મોટા દેશોમાં નબળા વિકાસની માઠી અસર પણ નોંધાઈ છે. આઈએમએફે કહ્યું છે જ્યાં સુધી ભારતની વાત છે ત્યાં નબળા રોકાણના કારણે મોટી સમસ્યા સર્જાઈ છે. જ્યારે ચીનમાં માંગ ઘટી જવાના કારણે આવી સ્થિતી સર્જાઈ છે. આઈએમએફે વધુમાં કહ્યું છે કે હાલની સ્થિતીને જોતા એશિયામાં વિકાસમાં વર્ષ ૨૦૧૨ના અંત સુધી તીવ્ર તેજી રહેવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આંતરાષ્ટ્રીય નાણાં ભંડોળના નિવેદનને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ભારત અને ચીનમાં મંદી રહેવા માટે કેટલાક પરિબળો જવાબદાર છે. એકબાજુ અમેરિકા જેવા દેશોમાં ભારે મંદી છે. ત્યાં દરેક ચીજવસ્તુઓની માંગ ઘટી રહી છે ત્યારે આ દેશોમાંથી નિકાસમાં ઘટાડો થયો છે. બન્ને દેશો નિકાસ માટે નવા બજાર શોધી રહ્યા છે પરંતુ હાલમાં મંદી જારી રહેવાના સંકેત છે. યુરોઝોનમાં કટોકટી પણ પ્રવર્તી રહી છે.

યુબી ગ્રૂપની બે કંપનીઓ સામે સેબીની ઉંડી તપાસ

નવી દિલ્હી,તા.૧૨

મુંબઈ શેરબજાર અને નેશનલ સ્ટોક એક્સચેન્જ તરફથી મળેલી સૂચના બાદ માર્કેટ રેગ્યુલેટર સેબી દ્વારા વિજય માલ્યાના નેતૃત્વમાં યુબી ગ્રૂપની કેટલીક કંપનીઓ દ્વારા માહિતી જાહેર કરવાના નિયમો ન પાળવાના મામલે ઊંડી તપાસ હાથ ધરી છે. વિજય માલ્યા ઉપર સકંજો વધુ મજબૂત કરવામાં આવ્યો છે. શેરબજારે મુખ્ય રીતે યુબી ગ્રૂપની બે કંપનીઓ કિંગફિશર એરલાઈન્સને યુનાઈટેડ સ્પ્રિટ્સને લઈને ચિંતા વ્યક્ત કરી છે. આ કંપની દ્વારા જરૂરી માહિતી ઉપલબ્ધ ન કરાવવા અને નાણાંકીય પરિણામો તથા વાર્ષિક સામાન્ય બેઠકની સમય મર્યાદાનો પાલન નહીં કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અધિકારીઓનું કહેવું છે કે બંને શેરબજાર તરફથી માહિતી મળ્યા બાદ સેબીએ કિંગફિશર તથા યુનાઈટેડ સ્પિરિટમાં તપાસ હાથ ધરી છે. સેબીને એવી માહિતી મળી છે કે કેટલીક અનિયમિતતાઓ થઈ છે. સેબીના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે સેબી કિંગફિશરની હિસ્સેદારી વિદેશી એરલાઈન્સને અને ખાનગી ઈક્વિટી કંપનીઓને વેચવાના મામલામાં જુદા જુદા નિવેદનોની પણ ચકાસણી કરશે. સેબી બેંકો પાસેથી પણ માહિતી એકત્રિત કરશે. માર્કેટ રેગ્યુલેટર એવા અહેવાલમાં પણ તપાસ કરશે કે યુનાઈટેડ સ્પિરિટ બ્રિટનની બીજા ડિયાજિયો પીએલસીને હિસ્સેદારી વેંચી રહી છે. આ સંબંધમાં સંપર્ક કરવામાં આવતા યુબી ગ્રૂપના પ્રવક્તાનું હેવું છે કે આ સંબંધમાં સ્પષ્ટીકરણની માંગ કરવામાં આવી છે. અમારા ગ્રૂપની કિંપનીઓના શેરમાં ઊથલ પાથલના કારણે મીડિયામાં આ પ્રકારના અહેવાલ આવી રહ્યા છે.

શિલા દિક્ષિતને કોર્ટમાં હાજર થવા હુકમ થયો

નવી દિલ્હી,તા. ૧૨

દિલ્હીના મુખ્યપ્રધાન શિલા દિક્ષિતને બદનક્ષીના કેસમાં નવમી નવેમ્બરના દિવસે કોર્ટ સમક્ષ અંગત રીતે હાજર થવાનો આદેશ કર્યો છે. બદનક્ષીના કેસમાં તેમની સામે આદેશ જારી કરવામાં આવ્યો છે. શહેર ભાજપના વડા વિજેન્દ્ર ગુપ્તા દ્વારા દાખલ કરવામાંઆવેલા કેસના સંબંધમાં તેમની સામે આદેશ જારી કરવામાં આવ્યો છે. દિક્ષિતને નવમી નવેમ્બરના દિવસે હાજર થવાનો આદેશ કરાયો છે. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ નવજીત બુદ્ધિરાજાએ કહ્યું છે કે સુનાવણીની આગામી તારીખે તેઓ અંગત રીતે હાજર થાય તે જરૂરી છે. ૩૦મી મેના દિવસે તેમના પુરાવા નોંધાવવા હાજર થયા બાદ તેઓ કોર્ટમાં હાજર રહ્યા નથી. બદનક્ષીના કેસમાં મુખ્યપ્રધાન સામે ભાજપના નેતાએ ગંભીર પ્રકારના આક્ષેપો કર્યો હતા.

અન્ય છૂપાયેલા ત્રાસવાદીની પોલીસ દ્વારા ઊંડી ચકાસણી

નવી દિલ્હી,તા.૧૨

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ખતરનાક ઈરાદા સાથે ઘૂસેલા આતંકવાદીઓની ધરપકડ કરી લેવામાં પોલીસને સફળતા મળ્યા બાદ ઘાત ટળી ગઈ છે. પરંતુ હવે ચોંકાવનારી વિગતો સપાટી ઉપર આવી ગઈ છે.

ઝડપાયેલા ત્રણ આતંકવાદીઓ ઓછામાં ઓછા સાત સ્થળો ઉપર બ્લાસ્ટ કરવાના ઈરાદા સાથે આવ્યા હતા. ભરચક સ્થળોમાં હુમલા કરવાની તેમની યોજના હતી. પોલીસને ઠાપ આપી રોરકીમાં ઘણા સમય સુધી રહ્યા બાદ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આ આતંકવાદીઓ ખુસી ગયા હતા. દિલ્હીમાં ઓછામાં ઓછા ૧૦ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ કરવા તથા બિહારમાં બોધગયામાં પણ બ્લાસ્ટ કરવાની તેમની યોજના હતી. તેમની પાસેથી પાંચ કિલો વિસ્ફોટક સામગ્રી અને ૧૦ ડિટોનેટર્સ કબજે કરાયા છે. આ ઉપરાંત સર્કિટ, નવ વોલ્ટની બેટરી, બોલ બેરિંગ, નેલ્સ, સાર્પનેલ અને અન્ય સાધન સામગ્રી કબજે કરાઈ છે. મળેલી માહિતી મુજબ ઝડપાયેલા ત્રણે શખ્સોની ઓળખ આપી દેવામાં આવી છે. આ ત્રણે શખ્સો પૈકી ૩૩ વર્ષીય આઝાદ ખાન અને ૩૧ વર્ષીય ઈમરાન ખાનની અગાઉ પણ ધરપકડ કરવામાં આવી હતી. ૨૬મી સપ્ટેમ્બરના દિવસે પોલ પહેલાદપુર ખાતેથી તેમની ધરપકડ કરાઈ હતી. જ્યારે નિજામુદીન રેલવે સ્ટેશનથી ૩૮ વર્ષીય ફિરોજની ધરપકડ કરાઈ છે. ઝડપાયેલા ત્રણે શખ્સો ખતરનાક ઈરાદા ધરાવતા હતા. હજુ પણ કેટલાક શખ્સો ફરાર છે જેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પોલીસ માટે નવી પડકારરૂપ સ્થિતિ ઊભી થઈ ગઈ છે.

એક શખ્સ જે ફરાર છે તેનું નામ સાકિર છે જે પુને બ્લાસ્ટ માટે એક અન્ય શખ્સ સાથે મળીને બોમ્બ બનાવ્યા હતા. અહેમદ નામનો શખ્સ પણ ફરાર છે જે શખ્સે ઝડપાયેલા ૩૩ વર્ષીય અસાબ ખાનને ટ્રેનીંગ આપી હતી. રાજુભાઈ નામનો ૪૦ વર્ષીય શખ્સ પણ ફરાર છે જેની પુણે બ્લાસ્ટમાં ભૂમિકા નથી પરંતુ બોમ્બરોને મદદ કરી હતી. આ તમામની શોધખોળ હાથ ધરવામાં આવી છે. તહેવારની સિઝન શરૂ થઈ ચૂકી છે ત્યારે દિલ્હી અને અન્ય મોટા શહેરોમાં હુમલાને રોકવા વધુ ગંભીરતાપૂર્વક આગળ વધવાની જરૂર છે.

ચર્ચા સભા (પાના નં. ૪ નું ચાલુ)

ઈતિહાસમાં પહેલી વાર કનાંલ કોટે ગામનાં ૫ વ્યક્તિઓને મોતની સજા અને ૨ વ્યક્તિઓને આજીવન ઉમ્રકેદની સજા સંભળાવી હતી. આ કિસ્સામાં કનાંલમાં મનોજ અને બબલી પ્રકરણમાં 'એક જ ગોત્રના હોવા છતાં અને તેઓ ત્રીજી પેઢીએ ભાઇ-બહેન થતા હતા. આ બંને લગ્ન ગ્રંથિથી જોડાયા તથા આ બાબતે ગ્રામજનો અને બિરાદરીના લોકોને નામંજૂર હતી. આથી કહેવાય છે કે, પંચાયતના અમૂક સભ્યો અને કેટલાક અસામાજિક તત્ત્વોએ બંને ને મોતને ઘાટ ઉતાર્યા!!' બીજા એક કિસ્સામાં હરિયાણાના રેવાડી ગામમાં લગ્નગ્રંથીથી જોડાયેલા કપલને ગામમાં ઘૂસવા ઉપર પ્રતિબંધ લાધી દીધો હતો! કપલ અને પરિવારજનોનો સામાજિક બહિષ્કાર પણ થયો હતો!!! અસરા ગામની ખાપ પંચાયતે ૪૦ વર્ષથી ઓછી વયની મહિલાઓ માટે શોપિંગ કરવા પર અને મોબાઈલ ફોન વાપરવા પર, યુવતીઓને ઈવનિંગ વૉક માટે જવા પર તથા પ્રેમલગ્ન કરવા પર પ્રતિબંધ લાદવા ફતવા પણ જારી કર્યા હતા.

આ ખાપ પંચાયતોએ ખાસ કરી મહિલાઓનાં ને પહેરવેશનાં વસ્ત્રોથી માંડીને લગ્ન વિષે ઘણા ફરમાનો અને નિર્દેશો પણ આપ્યાં હતા! અને મહિલાઓની મજબૂરી કે તેઓને આવા ફરમાનો માન્ય રાખ્યા સિવાય કોઈ છૂટકો હોતો નથી!! મનોજ અને બબલીવાળા પ્રકરણમાં સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ નિર્દેશ કર્યો હતો કે આ પ્રકારની ખાપ પંચાયતો પૂરી રીતે અસંવિધાનિક છે. ખાપ પંચાયત સામે કાનૂની કાર્યવાહી ન કરનાર અધિકારીઓ અને અમલદારોને સજા આપવા સુધીની સિફારીશ સુપ્રિમ કોર્ટે આપી હતી.

આ ખાપ પંચાયતના સભ્યો મોટા પ્રમાણમાં જાટ જાતીના હોય છે!! હંમેશાથી રાજનીતિમાં પણ આવા જાત જાતિના સભ્યોનો દબદબો રહેલો હોય છે!! તેઓની વિશાળ કમ્યુનિટી છે. હરિયાણામાં તેઓનાં જાતિમાં કિસાનો ભારે બહુમતિમાં છે અને તેમની મોટી મતબેન્ક છે. આ જાટ મતદારો ઉપર ખાપ પંચાયતના નેતાઓનો અંકુશ છે. આ કારણે જ કોંગ્રેસના સંસદ સભ્ય નવીન જિન્દાલથી માંડી હરિયાણાનાં કોંગ્રેસી મુખ્યપ્રધાન ભૂપેન્દ્રસિંહ હુડડા પણ ખાપની અવગણના કરી શકતા નથી. ખાપ પંચાયતની મુખ્ય માંગણી એ છે કે સગોત્ર અને એક જ ગામમાં થતા વિવાહને કાયદા દ્વારા પ્રતિબંધિત કરવામાં આવે. આ બાબતમાં રાજ્યસભાના સભ્યો દ્વારા ખાનગી ખરડો લાવવાનું આશ્વાસન પર હુડડાએ આપ્યું છે. હાલમાં હરિયાણાની તમામ ખાપ પંચાયતોનું મહાસંમેલન ભરવામાં આવ્યું હતું અને તેમાં ઈ.સ. ૧૯૫૫ ના હિન્દુ લગ્ન ધારામાં સુધારો કરવાની બાબતમાં લોકશાહી ઢબે સર્વાનુમતિએ ઠરાવ પસાર કાયદામાં સુધારો કરવા ઉપર તેઓ બધાનું ધ્યાન કેન્દ્રિત હતુ. લોકસભામાં અને રાજ્યસભામાં આ પ્રકારનો કાયદો કોઈ સંસદસભ્ય જ લાવી શકે. એટલે પાર્ટી તથા સંસદ સભ્યો દ્વારા દબાણ વધારતા હોય છે. આવું નથી કે ખાપ પંચાયત ખાલી તઘલખી નિર્ણય જ કર્યા કરે છે., પરંતુ એવા ઘણાં એવા સામાજિક કાર્યો સમય સમયે કરતા પણ હોય છે. આ ઉપરાંત સામાજિક ઉત્થાન આધારિત કાર્યો પણ આવી ખાપ પંચાયતો કરતી હોય છે. પાછલાં થોડા સમય પહેલા ઉત્તર પ્રદેશ, દિલ્હી, રાજસ્થાનની આશરે ૨૦૦ ખાપ પંચાયતો મળી હતી. ખાપ પંચાયતોએ એકત્રિત થઈ કેન્દ્ર સરકાર સમત્ર સ્ત્રી ભ્રૂણહત્યા કરનારા પર હત્યાનો ગુનો દાખલ કરી તેને સજાને પાત્ર બનાવવાની અપીલ સાથે તે અંગે કોઈ કડક કાયદો બનાવાય તેવી માગણી પણ કરી હતી... આ ઉપરાંત શરાબ, દહેજ અને ભ્રુણ હત્યાં અટકાવવા માટેનાં આંદોલનો સમય સમયે આ ખાપ પંચાયતો ચલાવતી હોય છે જ!

આંતરજાતીય વિવાહથી કયારેય ખાપ પંચાયતનો વિરોધ રહ્યો જ નથી. પરંતુ તેમને ફક્ત આંતરજ્ઞાતિય વિવાહનો વિરોધ હંમેશાં કર્યો છે અને આગળ પણ કરતાં જ રહેશે. આમ જોવા જઈએ તો આવી ખાપોનું અસ્તિત્વ મહારાજા હર્ષવર્ધનના કાળ (૬૪૩ ઈ.પૂ) ઈ. થી ચાલ્યું આવેલું છે જે તે વખતે ખાલી હરિયાણામાં ૬૯ અને ઉતરપ્રદેશમાં ૩૦ ખાપોનું અસ્તિત્વ સમયગાળા દરમિયાન નોંધાયું હતું. ઈ. સ. ૧૫૨૮ મુગલ બાદશાહ બાબર સોરમ ગયા હતા અને ખાપ પંચાયતનું સન્માન કર્યું હતું. આ વ્યવસ્થાને ખૂદ મુસ્લિમ શાશકો, અંગ્રેજો કે ભારતની લોકતાંત્રિક પ્રણાલી પણ ખતમ કરી શકી નથી!! હરિયાણા અને ઉત્તરપ્રદેશે ઉપરાંત મધ્યપ્રદેશમાં ગ્વાલિયરથી મંદસોર અને રતલામમાં અનેક જાટોનું સંગઠન આવેલું છે.

પરંપરા અને આધુનિકતાની વચ્ચે જ સહજ સંબંધ બનવો જોઈએ એ ઘણી વખતે ભારતીય દેશમાં ગૂંચવાયેલા પ્રશ્નો હંમેશાથી રહેલો છે. આપણને આધુનિકતા આપણાં ઉપર જબરજસ્તીથી લાદી ના દેવાઈ હોય તેવું આપણને હંમેશા અનુભવાતું હોય! ખરેખર આધુનિકતા અને પરંપરા વચ્ચે જે સારી બાબતોનો સ્વીકાર કરવો તે પ્રાથમિક આપની હંમેશા હોવી જોઈએ! ઘણી વખત ભારતીય સમાજ એવી ઘણી બાબતો કે જે સમાજ દેશ માટે ઉપયોગી હતી તેને સમયે સમયે બદલી પણ પડતી હોય છે. છૂત-અછૂત, પડદા પ્રથા, દીકરીને દૂધપીતી કરવી, સતીપ્રથા વગેરે દૂષણોને ભારતીય સમાજમાંથી દૂર કરેલાં જ છે!! અને આધુનિકતાના નામે આપણે ટેકનોલોજીનો સ્વીકાર કરેલો પણ છે જેમ કે, નવિન શિક્ષણપધ્ધતિ, નવિન મેડીકલ સુવિધાઓ... વગેરે પરંતુ જયારે આધુનિકતા અને પરંપરા વચ્ચેનો સમન્વય બગડે છે. ત્યારે આવી સમસ્યાઓ જોવા મળે છે. અહીં, કોઈ ૫ માણસ, ૫૦ કે ૫૦૦ માણસોનો સમૂહને કોઈ અધિકાર નથી કે તેઓ એવું ફરમાન જારી કરે અને જે તે ગામનાં, સમાજના વ્યક્તિઓને તે માનવું પડે! તથા એવી પરિસ્થિતિ પેદા કરે કે અને આશા રાખે કે તેઓની વાત ને લોકો Follow કરે! અહીં આવી ખાપ પંચાયત એ માન્યતા વગરનું સંગઠન કે સમૂહ છે.

અહીં જો, ગામ, શહેર, સમાજનાં લોકો જો કાનૂનિક રીતે વૈજ્ઞાનિક પધ્ધતિથી સાહજિક રીતે સાંસ્કૃતિ, પરંપરા ને સ્વિકારતા અને પરિસ્થિતિનો તાગ મેળવીશું તો આપણે સોલ્યુંશન વાળી સ્થિતિએ પહોંચીશું!

સમાચાર ઝલક

- જન સત્યાગ્રહના દેખાવકારો અને સરકાર વચ્ચે સમજૂતી.
- હવેથી મહિલાઓને જો અશ્લિલ એસએમએસ મોકલશો તો ખેર નથી!!!
- વડોદરા ખાતેની પ્રથમ રેગીંગ ઘટનાથી ખળભળાટ : પારૂલ ફાર્મસી કોલેજની વિદ્યાર્થીનીનું રેગીંગ.
- વિહાર કરતાં સાધુ-સાધ્વી માટે અલગ પગદંડી બનાવાશે, જૈન સમાજને કોંગ્રેસનું વચન.
- ટૂંક સમયમાં સમગ્ર રાજ્યમાં ઠંડીનો તીવ્ર ચમકારો અનુભવાશે.
- લાંબા અંતરની ટ્રેનોમાં ગર્ભવતી મહિલાઓ માટે બે બર્થ રેલ્વે રિઝવર્ડ રખાશે.
- ઓરિસ્સાની ઘટના : સોનાની ચેન ઝુંટવી લેવા માટે અઢી વર્ષની બેબીનું ગળું કાપ્યું.
- દારૂ બનાવતી કંપનીની ૫૦ લાખની જાહેરાતની ઓફરનો પહેલવાન સુશીલકુમારે નકારી.
- પાકિસ્તાનમાં તાલિબાનોનું નિશાન બનનાર ૧૩ વર્ષની કિશોરી મલાલા યુસુફજદને મદદ માટે ઓબામા તૈયાર.
- સિરિયામાં દખલગીરી કરવા માટે અમેરીકી દળો જોર્ડન સુધી પહોંચ્યાં.
- બ્રિટીશ હાઇકમિશ્નર ગુજરાત વિકાસનાં અભ્યાસ માટે આવશે.
- ડો. માયાબેન કોડનાની સાબરમતી જેલમાં શિક્ષિકાની ભૂમિકા ભજવશે.
- બીએસએનએલનો ધમાકો : લેન્ડલાઇનમાં માત્ર રૂા. ૨/- માં આખી રાત દેશભરમાં વાત કરો.
- યુરિયા ખાતરની સબસીડી સીધી ખેડૂતોને મળશે.
- દેશમાં દરરોજ બે હજાર બાળકીઓ લાપત્તા થાય છે.
- રોબર્ટ વાઢેરા સામે તપાસની અરજી દાખલ.
- એસ.ટી.નિગમ દ્વારા હવે મિની બસ દોડાવવાની તૈયારીઓ.
- બાબા રામદેવના બળાત્કાર વિષેનાં નિવેદનથી રાજકીય ઘમાસાણ.

'હથોડી અને ટાંકણું' (પાના નં. ૪ નું ચાલુ)

આપણે સૌ આ વાત સમજીએ તો છીએ પરંતુ આપણી દોડને થોભાવી શકતા નથી. સત્ય શું છે તે સમજીએ છીએ તેને વ્યવહારમાં અપનાવી શકતા નથી અને અસત્ય શું છે તેની ભલીપેર સમજ છે છતાં તેને છોડી શકતા નથી.

આપણને સતત એ જ ભય સતાવ્યા કરે છે કે મારી ઇચ્છેલી વાત જો પૂર્ણ નહીં થાય તો મારૂં શું થશે? મારી અવદશા અથવા ખુબ નુકશાન થશે. હું વિકસી શકીશ નહીં, મારી ઇજ્જતનો પ્રશ્ન ઉભો થશે, એ ઇચ્છીત નહીં મળે તો મારા જીવનમાં ભારે ઉથલપાથલ થઇ જશે, બસ કંઇક આવા અનેક વિચારો અને પ્રશ્નોમાં આપણું મન ઉલઝી જાય છે. અને દુઃખોને નિમંત્રણ છે.

કાંઇ કેટલીય બાધા - આખડીઓને આધારે ઇચ્છાપૂર્તિ માટે આપણે પ્રયત્નો કરતા હોઇએ છીએ. પરંતુ વાસ્તવિકતા આનાથી તદ્દન વિપરિત છે. સાચા સુખની જેને શોધ છે તે આ ઇચ્છા રૂપી ફણીધરને નાથવા પ્રયત્નશીલ બનેલો હોય છે.

ઇચ્છાઓ ઓછી તેમ સુખ-સાંતિ વધારે. એક એક કરતાં ઇચ્છાઓ જેમ ઓછી કરવા શરૂઆત કરીશું તેમ આનંદ અને સુખમાં વધારો થવા લાગશે.

માનવીની ભવાઇ પુસ્તકમાં આવતી "બાવાજીની લંગોટી" ની વાત સૌને કદાચ જ્ઞાન હશે જ. દિગંબર સાધુએ મંદિરમાં બેસવું નક્કી કર્યું. ત્યાં ઉંદરોનો ત્રાસ થતાં બિલાડી પાળી અને પછી તેનાં બચ્ચાં માટે દૂધ જરૂરી બન્યું ત્યાં ગાય લાવ્યા. ગાયની પાછળ વિધવા ગોવાલણ આવી અને શરૂ થઇ માયાજાળ. છેવટે જ્ઞાન થતાં સાધુ બાવાએ જંગલમાં ભાગી જવું મુનાસિબ માન્યું.

ટૂંકમાં કહેવાયેલી આ વાત ઇચ્છાઓ અને તેની હારમાળાની સમજ આપે છે. એક ઇચ્છા પૂર્ણ કરવા બીજી ઇચ્છાનો સહારો લેવો પડે છે. આમ, જીવનચક્રના ભૂલભૂલામણીના આ વમળોમાંથી આપણાથી બહાર નીકળાતું જ નથી.

પણ જો થોડું પણ જ્ઞાન મળે યા સમજ કેળવાયં તો આ બીનજરૂરી જરૂરિયાતોની યાદી બનાવી તેને ઘટાડવા પ્રયત્ન કરવો જરૂરી છે.

"ચાલશે, ફાવશે અને ભાવશે" ની પરિકલ્પના બિલકુલ સત્ય છે. જીવનમાં આ ત્રણ મંત્રો કંઠસ્થ થઇ ગયા અને તેનો પ્રત્યક્ષ અમલ કરી શકશો તો કદી મુંઝવણ, પ્રશ્નો અને સંતાપ રહેશે નહીં. મનને ભારે પીડા આપતી આ ઇચ્છાઓની હારમાળા અસંખ્ય રોગની જનની છે તેમ સ્વીકારી આજથી ઇચ્છાઓને ઓછી કરવા પ્રયત્ન કરીએ અને જીવનની સાચા આનંદની અનુભૂતિ કરીએ.